## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

**હાઈકુ**

*શાંત શૂરવીર સિંહો હવે દેખાતા નથી !*
*ભૂખ્યા - હિંસક વાઘ તો હવે દેખાતા નથી !*
*પૉંખાતા નથી હવે સજ્જનો સર્વ ક્ષેત્રમાં -*
*સજ્જનો હવે ન્યાય-તુલામાં જોખાતા નથી!*

*સિંહો ની ઘટ*
*ને વાઘો માં વધારો -*
*જંગલી - તંત્રે*

*ભૂલાવે બધું !*
*'કમીશનો' તો છે -*
*ઘેનની દવા !*

### ચિંતન

*ન પાપાસો મનામેહ નારાયાસો ન જલ્હવઃ ।*
*યદિન્વિન્દ્રં વૃષ્ણં સયા સુતે સખાયં કૃણવામહિ ॥*

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

જો અતઃકરણ અપવિત્ર અને મલિન હશે તો પરમાત્માની ઉપાસના પણ ફળદાયી નહીં નીવડે. તેથી પરમાત્માની ઉપાસના નિષ્પાપ હૃદયથી જ કરવી જોઈએ.

ઈશ્વર જ આ સૃષ્ટિના સર્જનહાર છે, નિયામક, છે અને પાલનહાર છે. ઈશ્વરની ઉપાસનામાં જ આપણી ભલાઈ રહેલી છે.

પ્રભુકૃપા પ્રાપ્ત કરવા માટેની એક માત્ર શરત છે પવિત્રતા, પરમપિતા પરમેશ્વર તો આપણા સર્વશ્રેષ્ઠ મિત્ર અને બંધુ છે, પરંતુ ઈશ્વર તેમની અમૃતવર્ષા આપણી ઉપર કરતાં નથી તેનું કારણ શું ? એનું એક માત્ર કારણ એ જ છે કે આપણે પોતાને નિષ્પાપ અને ઉદાર બનાવી ખુલ્લા દિલથી ઈશ્વરને મળવાનો પ્રયત્ન કર્યો નથી.

વેદો દ્વારા ભૌતિકતા ત્યજી દેવાનું કહેવામાં આવ્યું નથી, પરંતુ આ પ્રકૃતિને માત્ર સાધન તરીકે સ્વીકારીને તેના સદુપયોગની વાત કહી છે. આ શરીર વગર અથવા તો ભૌતિક પદાર્થો વગર આપણો નિર્વાહ થવો અશક્ય છે, પરંતુ માત્ર એ ને જ સર્વસ્વ માનીને ચાલવું એ આપણી જાતને છેતરવા બરાબર છે.

### સુવિચાર

- શરીરનો આનંદ સ્વાસ્થ્યમાં છે, મનનો આનંદ સ્વસ્થતામાં છે - **એચ.જી. વેલ્સ**
- મિત્રતા તો સાણસા જેવી જ રખાય... પાત્ર ગમે તેટલું ગરમ થાય પણ મૂકે ઈ બીજો... - **ભોલાભાઈ ગોલીબાર**
- પોતાની જાતને સમજવી એ પોતામાં સુધારો લાવવા માટેનું સૌ પ્રથમ પગથિયું છે - **રાજુ અંધારિયા**
- બધી જ તંગી, બધાં જ દુઃખ દૂર કરવાનું બળ તમારા હૃદયમાં જ વાસ કરે છે એ વાતમાં શ્રદ્ધા રાખશો તો જ એ બળ જાગ્રત બનશે - **સ્વામી વિવેકાનંદ**
- મગજની ભાષા અમુક લોકો જ સમજી શકે છે. જયારે હૃદયની ભાષા-ભાવના અજ્ઞાની પણ સમજી શકે છે. જો તમારે સફળ થવું હોય તો હૃદયની ભાષા વાપરો - **અમૃતબિંદુ**
- ઈશ્વરે આપ્યું છે એમ સમજી દુઃખ સહન કરી લેવું તપ છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : મૂળાનો રસ બે ચમચી જેટલો દર આઠ કલાકે પીવાથી આંતરડાના વિકાર દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક દિવસ એક આધેડ વયના લેડીની મોંઘી ગાડીનું ટાયર પંચર થઈ ગયું. બીજું કોઈ સાથે ન હતું, લેડી જાતે ગાડી ચલાવી રહ્યા હતા, કોઈ મદદ કરવા વાળું હતું નહીં. એટલે મુંઝાયા. એવામાં એક લઘરવઘર માણસો આ દશ્ય જોયું. એણે મેડમ પાસે જઈને કહ્યું, 'જરાય ચિંતા કરશો નહીં, હું તમારું ટાયર બદલી આપું છું. મારું નામ જોસેફ છે.' ટાયર બદલતા જરાક આગળીમાં વાગ્યું. તેણે કહ્યું, 'હવે આપ ગાડી લઈ જઈ શકો છો.' લેડીએ પૂછ્યું, 'મારે કેટલા પૈસા આપવાના છે?' જોસેફે કહ્યું, 'મારે પૈસાની જરૂર નથી, બસ તમે અન્ય કોઈ જરૂરિયાતમંદને મદદ કરજો.' આટલું બોલી તે ચાલી નીકળ્યો. સાંજે લેડી નાનકડા કાફેમાં કોફી પીવા ગઈ. ત્યાંની વેઈટ્રેસ જે ગર્ભવતી હતી તેમ છતાં હસીને પોતાનું કામ કરી રહી હતી. પોતે થાકી છતાં ખૂબ જ ચિવટ અને મહેનતથી સૌને ઓર્ડર પ્રમાણે વસ્તુઓ આપતી જતી હતી. લેડીએ કોફી પીધી અને બીલ મંગાવ્યું. દસ ડૉલરના બીલની સામે લેડીએ એક સો ડૉલરની નોટ આપી. વેઈટ્રેસ બાકીના પૈસા પાછા આપવા આવી ત્યાં તો લેડી જઈ ચૂકી હતી. અને પેપર નેપ્કીન પર એક સંદેશો લખ્યો હતો. 'તમારે મને આ પૈસા પાછા આપવાના નથી. પણ મને કોઈએ મદદ કરી અને એણે મને અન્ય કોઈને મદદ કરવા કહ્યું હતું, આથી હું તમને મદદ કરું છું. તમારે મને પૈસા પાછા આપવા હોય તો તમે અન્ય કોઈની મદદ કરશો.' વેઈટ્રેસ આ ચિઠ્ઠી વાંચી ખુશ થઈ ઘરે ગઈ. એણે પતિને કહ્યું, જોસેફ ડીયર, હવે ચિંતા નથી મારી દવા પણ આવી જશે અને આપણે બાજુમાં રહેતા બીમાર અંકલની પણ દવા કરાવીશું. પ્રેમચક્ર ફરતું રહે છે કોઈ સ્વાર્થ વિના માત્ર માનવમાત્રના પ્રેમથી વશ થઈ તમે કોઈની મદદ કરો. તમારી મદદ પણ કોઈ કરશે. બસ મન હૃદય ઉદાર અને પ્રેમથી ભરેલા રાખો.

# કાશ્મીર માટે સંકેતો સારા છે

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસનના વહીવીટ તંત્રે અમરનાથ યાત્રા અધવચ્ચે આટોપી લઈ પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને તાબડતોબ રાજયની સરહદ છોડી દેવાની સલાહ આપી છે. આની પાછળ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ દ્વારા યાત્રાળુઓ પર હુમલો થવાની ગુપ્તચર એજન્સીઓ દ્વારા અપાયેલી માહિતી કારણભૂત હોવાનું જણાવાયું છે. લાખો યાત્રાળુઓ પવિત્ર અમરનાથ ગુફામાં રચાતા કુદરતી શિવલિંગનાં દર્શન કરવા ઊમટેલા છે અને હજી શ્રાવણી પૂર્ણિમા સુધી આ દર્શન થઈ શકે એમ છે. પરંતુ ગુપ્તચર એજન્સીઓને પાકે પાયે મોટા હુમલાની તૈયારીના સગડ મળ્યા છે અને સેનાને યાત્રાના માર્ગમાંથી પાકિસ્તાન ઓર્ડનન્સની બનાવટની સુરંગો તથા અમેરિકન બનાવટની સ્નાઈપર રાઈફલ મળી આવી છે. આવા સંજોગોમાં યાત્રા ચાલુ રાખવામાં નિર્દોષ યાત્રાળુઓના જાનનું જોખમ છે. તેથી સેના અને રાજય પોલીસના ઉચ્ચ અધિકારીઓએ સંયુક્ત પત્રકાર પરિષદ કરીને આ સ્થિતિની સ્પષ્ટતા કરી છે. રાજય સરકારે યાત્રાળુઓ જેમ બને તેમ જલ્દી જમ્મુ અને કાશ્મીરની હદ છોડી દે એ માટે એરલાઈન્સને પણ તાકીદ કરી છે કે વધુમાં વધુ ફલાઈટ શ્રીનગર - દિલ્હી વચ્ચે ઉડાવે. આ મતલબનો આદેશ ડાયરેકટર જનરલ સિવિલ એવિએશન તરફથી પણ દરેક એરલાઈન્સને જારી કરાયો છે. યાત્રાળુઓને એમની મૂળ ટિકિટો કેન્સલ કરાવી નવેસરથી ટિકિટો અપાવવાની ગોઠવણ પણ થઈ ચૂકી છે. આર્મીના લેફટનંટ જનરલ ઢિલ્લોંએ કાશ્મીર માતાઓને અપીલ કરી છે કે આતંકી સંગઠનો અને અલગતાવાદીઓના ચાળે ચડીને ફક્ત ૫૦૦ રૂપિયા ખાતર સેના અને પોલીસ પર પથ્થરમારો કરનારો તમારો દીકરો ભવિષ્યમાં આતંકવાદી બની જાય છે અને જવાનોની ગોળીનો ભોગ બને છે. સ્થાનિક આતંકવાદીઓ રાઈફલ પકડ્યા પછી એક વરસથી ઓછા સમયમાં ખતમ કરી દેવાય છે. જમ્મુ અને કાશ્મીરની પ્રજા માટે આ કસોટીનો સમયગાળો ચાલી રહ્યો છે. મોદી સરકાર હવે આગુ એ ચલી આઈ રીતરસમ મુજબ ઢીલી નીતિ ચલાવી રાખવ તૈયાર નથી. આતંકવાદ સામેની આરપારની લડાઈમાં કાશ્મીર ખીણની પ્રજા દેખીતી રીતે દહેશતમાં છે. અત્યાર સુધી ભારતનાં બાકીનાં રાજયો અલગ અને વિશિષ્ટ દરજ્જો ભોગવતા જમ્મુ અને કાશ્મીરને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે વર્તમાન કેન્દ્ર સરકાર કૃતસંકલ્પ છે. ગૃહમંત્રી અમિત શાહે દેશને વચન આપ્યું હતું કે અમરનાથા યાત્રા આ વર્ષે હેમખેમ પાર પડશે અને આવતા વર્તે એના માટે સુરક્ષાદળોની પણ જરૂર નહીં રહે. આમ છતાં આતંકવાદીઓએ એમનું વજુદ બતાવી દીધું છે અને સરકારને અધવચ્ચે અમરનાથ યાત્રા અટકાવી દેવાનું ફરમાન જારી કરવું પડ્યું છે. છેલ્લા કેટલાય દિવસો દરમિયાન કાશ્મીરમાં લશ્કરી દળોની અનેક ટુકડીઓ ઉતારી દેવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં લશ્કરી અને અર્ધલશ્કરી દળોએ ખીણ વિસ્તારમાં ખડકી દેવાથી મહેબૂબા મુફતીથી લઈ ઓમર અબદુલ્લા સુધીના પ્રાદેશિક નેતાઓ ચિંતામાં પડી ગયા છે. એમને પાકે પાયે શંકા પડી ગઈ છે કે મોદી સરકાર કંઈ નવાજૂની કરવાના મૂડમાં છે. કાશ્મીરમાં દેશનાં અન્ય રાજયોથી અલગ દરજ્જો આપતી ઉપ-એ અને ૩૭૦મી કલમ રદ કદાચ કરાય તો દેશની પ્રજા તો રાજીના રેડ થઈ જાય પણ સ્થાનિક નેતાઓને માથે ઓઢીને રોવાનો વારો આવે. તેઓ જમ્મુ અને કાશ્મીરના અલગ દરજ્જાને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી બેઠા છે. પાકિસ્તાન સાથે એમને મીઠા સંબંધો જાળવીને ભારતના પૈસે તાગડધિન્ના કરવા છે. અત્યાર લગી આ લોલંલોલ ચાલ્યું અને કાશ્મીર પાછળ દેશ ખુવાર થતો રહ્યો છે. કાશ્મીરનો અડધોઅડધ હિસ્સો તો 'આઝાદ કાશ્મીર'ના નામે પાકિસ્તાન હસ્તક જ છે. છેલ્લે પાકિસ્તાન ઈમરાનખાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દાઢીમાં હાથ ઘાલી એમને કાશ્મીર પ્રશ્ને મધ્યસ્થી કરવા વિનંતી કરી આવ્યા છે અને ટ્રમ્પે તો તૈયારી પણ દર્શાવી છે. આવા સંજોગોમાં મોદી સરકાર ખરેખર કસોટીની એરણે ચડી છે. જો એ કાશ્મીર મુદ્દે કશું કાચું કાપી બેસશે તો એને માટે પ્રજામાનસમાં કોઈ જ સ્થાન નહીં રહે તે નક્કી છે.

# વ્યક્તિના દોષ નહીં પરંતુ તેના ગુણદર્શન કરો

**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

માણસ પરમાત્મા સાધનાની મૂડી ભેગી તો કરે છે. પણ સાથે તે ખોવાનાં સાધનો પણ એકઠાં કરતો રહે છે. ડાહ્યો માણસ ધંધામાં નુકશાન ન થાય તેવી રીતે આવકનાં સાધનો વધારતો જાય છે. પરંતુ મોટાભાગના માણસો ધર્મ-સાધના તેનાથી વધારે તો તેને ગુમાવવાનાં વાનાં ભેગા કરે છે. પરિણામે તેની તમામ સાધના ક્યારેક ખોવાઈ જાય છે. વર્ષોસુધીનું તપ, સાધુ જીવન, અરણ્યવાસ તેણે કર્યા હોય, ઠંડી, ગરમી અને વરસાદ સહન કર્યા હોય, પણ થોડીક જ વાર ક્રોધ કરીને પોતાના તમામ સાધનાની બધી જ મૂડી ખોઈ નાખી હોય છે. શાસ્ત્રો ગણિત એવું છે કે અનેક પુણ્યના સંચયનો કેવળ ૪૮ મિનિટનો ક્રોધ નાશ કરી નાખે છે.

ગામડાની બાઈ છાણ - માટીના ગારથી આંગણું લીપતી પણ એ લીપણ ઉપર પાડોશીનો તોફાની ગધેડો કૂદીને લીંપણ ઉખાડી નાખતો. એવી જ રીતે ઘણી તકલીફો ભોગવીને ભેગા કરેલા પુણ્ય - સંચયનો નાશ માણસ થોડાક ક્રોધ, ઈર્ષ્યા અને રાગ-દ્વેષ કરીને કરી નાખે છે. આપણને એવા પ્રશ્ન થાય છે કે કરેલી સાધના અને એકઠા કરેલ પુણ્ય - સંચયને બચાવવા કોઈ રસ્તો નહિ હોય ? 'પરનિંદા' બૂરામાં બૂરી છે. જો માણસ પ્રાણી માત્ર તેની સાથે પ્રેમથી વર્તે તેમ ઈચ્છતો હોય તો પરનિંદા નહિં કરવી તે મોટામાં મોટો વશીકરણ મંત્ર છે. જો તે કોઈની નિંદા નહીં જ કરે અને સૌ સાથે માત્ર મીઠાશથી જ વાત કરશે તો તેનાથી કોણ રુષ્ટ થશે ?

પરાયવાદને મોટું પાપ કહ્યું છે. પર એટલે બીજા અને અપવાદ એટલે દોષો આનો શાસ્ત્રો અવર્ણવાદ કહે છે. વ્યવહારમાં તેને નિંદા કહેવાય છે. માણસને વધુ માં વધુ રસ પરનિંદામાં પડે છે. ખૂબી એ છે કે સારી વાત ઝડપથી નથી પ્રસરતી પણ આ નિંદાનો પ્રસાર જબરો છે. એ ઘરમાં તો હોય જ પણ મંદિરમાં પ્રભુદર્શન કરતાં માણસોમાં, આશ્રમમાં, સત્સંગ કરતાં માણસોમાં, ગંગાસ્નાન કરનાર માણસોમાં, તપસ્વીની ટોળીમાં કે કોઈ તાપસની ગુફામાં નિંદા હોય છે. અને તે તેમનાં તપ અને પુણ્ય છીનવી લઈ ચાલી જાય છે.

કોઈ ખૂણામાં કે ઓટલા ઉપર, હવે શેરી હોય કે મંદિર, ત્યાં બે માણસો વાત કરતા હોય તો ત્રીજો તેમની તરફ કાન માંડે છે. આવો રસ નિંદામાં છે એટલો ભક્તિમાં નથી. નિંદા એટલે પારકાનાં મેલાં કપડાં પોતાના સાબુ પાણીથી ધોવાં તે. બીજાના દોષોમાં વાણીને વહેવા દેવી તે સત્કર્મોને રૂંધનારી પ્રક્રિયા છે. તેનાથી પારકાના દોષ ધોવાય અને નિંદા કરનારુંનું મન કલુષિત થાય અને તેની માનસિક ભૂમિકા નીચી થઈ જાય છે. નિંદા રૂપા ચારો ચરવા, વાણી રૂપી ગાય વારે વારે દોડીને આવે છે. જેમ ગાય ખેતરમાં લીલો ચારો જોઈ વાડ કૂદીને ખેતરમાં જઈ ચારો ચરે છે. માટે વાણીને નિંદામાંથી પાછી વાળવા જેવું ઉત્તમ કામ બીજું એકેય નથી.

જેની નિંદા થતી હોય તેના તરફ દ્વેષ થાય છે. તિરસ્કાર અને ઘૃણા થાય છે. આવો માણસ આત્મા-પરમાત્માને નથી જ જાણી શકતો. સાંકડી ગલીમાં નદીથી સ્નાન કરીને સાધુ પસાર થતા હતા. સામેથી એક ચાંડાળ આવતો હતો. તેણે સાધુને હાથ જોડ્યા. સાધુ ગુસ્સે થઈ બોલ્યો, 'હું સ્નાન કરીને આવું છું. ત્યારે જ તું સામો મળ્યો. હવે મારે ફેર સ્નાન કરવું પડશે. એ વધુ પરિશ્રમનું થાય તને લાગશે. 'ચાંડાળ તો દોડીને સાધુને ભેટી પડ્યો અને કહ્યું, 'મહારાજ હું જાતિએ ચાંડાળ છું. ધર્મે - ગુણે નથી. પણ ચાંડાળ ગુણનો સગો ક્રોધ તમારામાં આવ્યો તેથી આપણે બે સરખા થયા.' માટે તમને ભેટુ છું. સાધુને ભાન થયું અને જ્ઞાનીએ ચાંડાળની ક્ષમા માગી. શાસ્ત્રો કહે છે : થાપણ ઓળવે તે ચાંડાળ, દીકરી વેચે તે ચાંડાળ, નિંદા કરે તે ચાંડાળ, ક્રોધ કરે તે ચાંડાળ, તેમાં જાતિએ ચાંડાળની વાત આવતી જ નથી. માટે ચાંડાળનો દીકરો ચાંડાળ ન જ કહેવાય. જો તેનામાં અવગુણ ન હોય. માણસ જેટલી ચિંતા ધન અને વસ્તુની કરે છે. એટલી પોતાની કમાયેલી પુણ્યની પૂંજીની નથી કરતો. ધ્યાન કે કોઈ કર્મકાંડ કરીને માણસ બીજાની નિંદા કરે તો તેનું ધ્યાન, કરેલું કર્મકાંડ શુભ ફળ ન જ આપે.'

માણસ પોતાની જાત કરતાં બીજાને પર-જુદો ગણે છે. આ છે ભેદ બુદ્ધિ તેને કારણે તે બીજાના દોષ જુએ છે. વળી એ દોષ કોઈ ત્રીજાના આગળ ગાય છે પણ ખરો.' જો બીજાના દોષ જોવાની વૃત્તિ તમારામાં રહેતી હોય તો તમે બીજાના નહિ પણ તમારા દોષ જુઓ અને બીજાને પ્રેમ નજરથી જુઓ. જો આમ કરશો તો ભેદ બુદ્ધિ - પરબુદ્ધિ જશે અને પોતાના દોષ ધોવાશે. બીજાનો નાનો પણ ગુણ હોય તો તેને જોવાનો અને તેની હૃદયમાં નોંધ કરવાની. આ બંને કાર્ય કરનાર માણસ જે કાંઈ સાધના કરે છે. તે તેનામાં ઉગે છે. અને નિત્ય વૃદ્ધિ પામતી રહે છે. આ બંને પ્રવૃત્તિ કરતાં - કરતાં જો ભૂલથી પણ બીજાનો દોષ જોવાઈ જાય તો તેની ક્ષમા માગો અને તમારા દોષ જોતાં જોતાં ગુણ જોવાય તેનો અહંકાર થાય, તો વિનમ્રતાથી પરમાત્માની ક્ષમા માગો અને હરિ ગુણ ગાતા રહો.

# સોશિયલ મીડિયા - ફેસબૂક ઉપર થતી છેતરપીંડી

**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ સોશિયલ મીડિયાનો પ્રભાવ આપણા સૌના જીવનમાં ખૂબ જ વધતો જાય છે. કદાચ કહી શકાય કે એ આપણા જીવનનો એક અનિવાર્ય હિસ્સો બની રહ્યું છે. અને આપણે એમ માનતા થઈ ગયા છીએ કે આ સોશિયલ મીડિયાને કારણે આપણી, આપણા સમાજની, આપણા દેશની પ્રગતિ થઈ રહી છે. પરંતુ ખૂબ જ ઊંડાણપૂર્વક વિચારીશું તો લાગશે કે એનાથી પ્રગતિ નહીં પણ અધોગતિ થઈ રહી છે. સોશિયલ મીડિયાને કારણે સંપર્કો વધ્યા છે, દુનિયાભરની માહિતી મળતી રહે છે. પરંતુ આપણે શું ગુમાવી રહ્યા છીએ એનો આપણને વિચારસુદ્ધા આવતો નથી. અને ઉપયોગ હવે સૌની વિવેકબુદ્ધિ અને સમજણ ઉપર હોય છે. અને આ વાત સૌને સમજાય છે ત્યારે સમજવાનો સમય જતો રહ્યો હોય છે.

આજે સોશિયલ મીડિયાના ફેસબૂક ઉપર લોકોને છેતરવાનો એક ખૂબ જ મોટો આંતરરાષ્ટ્રીય કક્ષાએ બિઝનેશ ચાલે છે. જેમાં આપણે કલ્પના પણ ના કરી હોય એવી રૂપસુંદરીઓને જૉબ આપીને લોકોને છેતરવાનું કામ સોંપવામાં આવે છે. એ પહેલા તેઓને એની તાલીમ આપીને સજ્જ કરવામાં આવે છે. ફેસબૂક શરું થયું એ વખતે શરૂઆતમાં આપણા પ્રોફાઈલ ઉપરથી આપણી વિગતો મેળવીને આપણને મેસેજબોક્સમાં (હું તમારી સાથે મારા જીવનની અંગત વાત શેર કરવા ઈચ્છું છું. તો પ્લીઝ મને તમારું ઈમેલ આઈ.ડી. આપશો.) મેસેજ મોકલીને આપણું ઈમેલ આઈ.ડી મેળવી લે છે. અને કોઈ સ્વરૂપવાન છોકરી આપણને એની અંગત વાત કહે તો તો આપણે ઈમેલ આઈ.ડી તો શું, જાન આપી દઈએ એવા તો પરોપકારી જીવ છીએ. આ ઈમેલ આઈ.ડી આપ્યા પછી તરત જ સામેથી એક લાંબો મેસેજ આવે કે તેના પિતા આર્મીમાં હતા ને સીરિયાની લડાઈમાં શહીદ થયા છે. પોતે તેમની એકની એક દીકરી છે. મારી મમ્મી પણ નથી. હું એકલી અહી એક ચર્ચમાં આશ્રિત તરીકે રહું છું. મારી પાસે પાંચ મિલીયન ડોલરની પ્રોપર્ટી છે. હું હવે મારો આ દેશ છોડી ભારતમાં શીફ્ટ થવા ઈચ્છું છું. મેં તમારી પ્રોફાઈલ ફેસબૂક ઉપર જોઈ. તમે ખૂબ સારા માણસ લાગ્યા છો. તેથી હું તમારી પર વિશ્વાસ મૂકી શકી છું. મારા ૫૦ લાખ ડોલર હું તમને ભારતમાં મોકલી આપવા ઈચ્છું છું અને પછી હું અહીં બધી વિધી પુરી કરીને તમારી પાસે આવી જઈશ. આ માટે હું તમને ૨૫ ટકા કમિશન પણ આપીશ. અને બાકીની રકમનો આપણે સાથે મળીને નવો બિઝનેશ કરીશું.'' જે માણસ બિચારો આ સોશિયલ મીડિયાની મોહમાયાથી સાવ અજાણ છે એ આવી વાતોમાં તરત આવીને મોટા મોટા સ્વપ્ન જોવા લાગે છે. અને એકાદ બે ઈમેલમાં પોતાની બધી જ બેંક ડિટેલ્સ આપી દે છે. અને પછી તરત જ એના ખાતામાં બેલેન્સ ઝીરો થઈ જાય છે. જો કે હવે આનાથી પણ એક સ્ટેપ એડવાન્સ છેતરપીંડી થાય છે. હવે તેઓ થોડીવાર પહેલા ફેસબૂક પર મેસેન્જરમાં ચેટિંગ કરે છે. અને એ પણ એકદમ ધીરે ધીરે ઘરોબો કેળવતી જાય છે. ફેમિલીમાં કોણ છે ? પરિણિત છીએ કે અપરિણિત ? ગર્લ ફ્રેન્ડ છે કે નહી ? આવા સવાલો કરે એટલે આપણે ગુજરાતી તો પાણી પાણી. અને ત્યા સુધીમાં આપણે ઉતાવળીયા આપણો વૉટ્સપ નંબર એને આપીને તેનો વૉટ્સપ નંબર પણ મેળવીને મોટી જંગ જીત્યા હોય એમ દિવસ રાત એની સાથે ચેટિંગમાં લાગી જઈએ છીએ. અને એમાંય જો ઘરથી દૂર રહેતા હોઈએ કે બહારગામ નોકરી કરતા હોઈએ કે વિધુર હોય કે વૃદ્ધ હોય તો તો આવા સંબંધો ખાનગીમાં ઈચ્છતા જ હોઈએ છીએ. અને પછી સામેથી વિદેશી રૂપાળી લલના એના જાત જાતના ટૂંકા અને પારદર્શક વસ્ત્રોવાળા ફોટા, વિડીયો મોકલતા જ આપણે ધોમધખતા ઉનાળે પણ વરસવા લાગીએ છીએ. ભીના ભીના થઈ જઈએ છીએ. બે ચાર પાંચ દિવસમાં તો **MISS YOU** કે **I LOVE YOU** સુધી વાત પહોંચી જાય છે. આવા ચેટિંગમાં પુરુષ મોટેભાગે એકલો હોય કે ૫૦/૫૫ નો કે નિવૃત થયો હોય એ જલદી આવી જાય છે. કેમ કે એ એની યુવાની ગુમાવી ચૂક્યો હોવાથી આવી વિદેશી યુવાન અને સ્વરૂપવાન યુવતી સાથે ખેલાતી આઈ લવ યુની રમતને એ દિલથી લઈ સાચી માનીને વિદેશી સહવાસ મળવાની ઈચ્છાઓ સુધી પહોંચી જાય છે. પછી એકદમ ઈમોશનલી રિલેશન મેન્ટેન કર્યા પછી એ ભારત આવવાની વાત કરે એ પહેલા આપણે એને ભારત આવવાનું નિમંત્રણ આપી ચૂક્યા હોઈએ છીએ. એ પછી ભારત આપણને મળવા આવવાનું ગોઠવે છે. એની બૂક કરાવેલી ટિકિટ પણ આપણને વોટ્સપ પર મોકલે છે. આપણે એની રાહમાં, એના સહવાસના સ્વપ્નમાં રાચીએ છીએ જે દિવસે એ આવવાની હોય તે દિવસે તે પોતાની બેગના ને પોતાના એરપોર્ટ ઉપરના ફોટા પણ આપણને મોકલે છે. અને પછી આઠ દસ કલાકે મુંબઈ એરપોર્ટ પરથી ઈમીગ્રેશન વાળી કોઈ બહેનનો ફોન આવે કે તમારી ફલાણા નામની કોઈ ફ્રેન્ડ છે ? અને તમે હા કહો એટલે કહે કે તેઓ લંડનથી કે અમેરિકાથી મુંબઈ આવ્યા છે પરંતુ સાથે ઘણી ચીજ વસ્તુઓ હોવાથી, તેમની પાસે ડોલર હોવાથી અત્યારે હાલ રૂપિયા ૬૫૦૦૦ ભરવાના થાય છે. એમ કહી આપણને આપણી ફ્રેન્ડ સાથે વાત કરાવે. અને પેલી પછી પ્લીઝ હેલ્પ મી ડાર્લિંગ, હું તને સ્પેશિયલ મળવા આવી છું. અહીથી સીધી તારી પાસે જ આવું છું. અને આપણે ફરી પાછા પરોપકારી જીવ ગળગળા થઈને એના એકાઉન્ટમાં ૬૫ હજાર ટ્રાન્સફર કરાવી દઈએ છીએ. અને પછી આપણા સપનાઓનો, લાગણીઓનો. ઈચ્છાઓનો ધી એન્ડ આવી જાય છે. પછી ખબર પડે કે આપણે છેતરાયા છીએ તો પોલીસ કેસ પણ કરી શકતા નથી. કેમ કે આપણે આપણી જ મૂર્ખામીને કારણે છેતરાયા હોઈએ છીએ.

આ ફેસબૂક ઉપર બીજી રીતે પણ છેતરવામાં આવે છે. તમને ઈમોશનલી કવર કર્યા પછી એ પૂછે કે '' ડાર્લિંગ, તારો બર્થ ડે ક્યારે આવે છે ? '' અને જો નજીકમાં હોય તો એ કહેશે કે '' હું તને ગીફ્ટ મોકલવા ઈચ્છું છું. '' અથવા એ પોતાને મોટી બિઝનેશ વૂમન કહીને '' ગીફ્ટ મોકલવની વાત કરશે '' તમારી પાસે સરનામું માગશે, આપણે આપીશું એટલે એ બે ચાર દિવસમાં એક મોટું બોક્સ પેકિંગ કરીને ઉપર તમારું સરનામું કરીને એનો ફોટો પાડીને પણ તમને મોકલશે, ઈન્ટરનેશનલ કુરિયરનો ડિસ્પેજ નંબર અને સ્લીપ પણ મોકલશે. જેથી તમને પૂર્ણ વિશ્વાસ બેસી જાય કે હવે આપણા માટે વિદેશી બૂટ, લેપટોપ, પેન્ટ, શર્ટ, ઘડિયાળ, મોબાઈલ, વગેરે ચીજ વસ્તુઓ આવી સમજો. ચાર પાંચ દિવસમાં મુંબઈ કે દિલ્હીથી ફોન આવે કે તમારું એક મોટું પાર્સલ લંડન કે અમેરિકાથી આવ્યું છે અને તમારે કુરિયર ચાર્જ પેઠે ૧૫ કે ૨૫ હજાર ભરવાના થાય છે. તમે ભરવાના હોય તો અમારા ખાતાની વિગતો આપું. અને તમે ઈમોશનલી હોવાથી એ ૧૫/૨૦ હજાર રૂપિયા ભરીને પાર્સલ મેળવશો તો એમાંથી નીકળશે '' બાબા કા ઠૂલ્લું '' અથવા ત્રીજો પણ એક આઈડિયા નવો નવો માર્કેટમાં આવ્યો છે. આ વિદેશી ગેન્ગ જાણી ગઈ છે કે ભારતીય બધા લાગણીશીલ હોય છે અને એમાંય ગુજરાતી તો વધારે પડતા... અને ગુજરાતી બિઝનેશની વાતોમાં જલદી આવી જશે તેથી આવી રૂપલલનાઓ પોતે લંડન કે અમેરિકામાં ડોકટર છે. અથવા ફાર્માસી કંપનીમાં મેનેજર છે અને ભારતથી કોઇ દવા મંગાવવા ઈચ્છે છે. જે ભારતમાં માત્ર એક બોટલ રૂપિયા ૧૯,૫૦૦ ની મળે છે અને અહી એ જ બોટલ ૮૦થી ૯૦ હજારમાં વેચાય છે. એમ કહીને ભારતના એ વેપારીનો કોન્ટેક્ટ નંબર પણ આપે છે. અને આપણને બે ત્રણ સેમ્પલ બોટલ ખરીદી રાખવાનું કહે છે કે મારી કંપનીમાંથી કોઈ આવીને એ બોટલ લઈ જશે અને પુરું પેમેન્ટ પણ કરી દેશે. એટલે આપણું ગુજરાતી માઈન્ડ વીસ હજારના સીધા નેવું હજાર... તો ત્રણ બોટલના ૬૦ હજારના રોકાણમાં સીધા જ બે લાખ ને દસ હજારનો નફો દેખાતા આપણે ત્રણેક બોટલ મંગાવીને પેમેન્ટ કરી દઈએ અને પછી રાહ જોઈએ છીએ કે કંપનીમાંથી આવે. પણ આવે છે ''બાબા કા ઠૂલ્લું ''

મિત્રો, આ બધા કિસ્સા મારા ઘણા મિત્રો સાથે, એકાદ મારી સાથે પણ બની ચૂક્યા છે. પણ અમે જાણતા હોવાથી એના મૂળમાં જવા માગતા હોવાથી છેતરાયા નથી. પણ આપણે અખબારોમાં વાંચીએ છીએ કે ફલાણા ભાઈના બેન્ક ખાતામાંથી બે લાખ કે ત્રણ લાખ રૂપિયા ઉપડી ગયા. અથવા વિદેશમાં સેટ થવા અને બિઝનેશ કરવા માટે જીવનભરની બચત કરેલી, નોકરીની નિવૃતિમાં આવેલી બધી રકમ લગાવી તો એ બધું જ ગયું. અને પછી પોલીસ ફરિયાદ... અને પરિણામ શૂન્ય.

આજે સોશિયલ મીડિયા ઉપર આવી ખૂબસુરત વિદેશી મહિલાઓનો રાફડો ફાટ્યો છે. એક વ્યવસ્થિત ગેન્ગ કામ કરી રહી છે. આવી કોઈ રીતે ચેટિંગ તમારી સાથે શરું કરે તો આરંભથી જ ચેતી જજો. એના ફોટામાં, વિડીયોમાં, વાતચીતમાં કે વિડીયો કૉલમાં ફસાયા તો એની બહું મોટી કિંમત ચૂકવવી પડશે.

- 9426060601.india@gmail.com

# નગર નામે 'ગાંધીનગર' !!!

**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

આ લખનાર બારેક વર્ષ પહેલા આ શહેરમાં રહેવા આવ્યો ત્યારે ઘર આગળના ચોકઠામાં (અહી ચારે તરફ મકાનોની આગળના ખુલ્લા મેદાનને ચોકઠું કહે છે) માંડ એકાદ કાર પડેલી રહેતી જ્યારે આજે એ જ ચોકઠામાં નહિ નહિ તોયે દસેક કાર પડેલી હોય છે - ઓલમોસ્ટ ઘર દીઠ એક કાર યુ કનો...! એ વખતના લાઈટના થાંભલાઓના પીળા બલ્બ કે બહુ બહુ તો મોટા બલ્બનું સ્થાન હવે એલઈડી લેમ્પે લઈ લીધું છે...! ગણીને દસેક રેસ્ટોરન્ટની જગ્યાએ આજે એક આખો રોડ જ ખાઉગલી તરીકે ઓળખાય એટલા રેસ્ટોરન્ટથી ભરચક છે અને દર મહીને ખુલતા ૩-૪ નવા ભોજનસ્થળો તો લટકામાં...! શહેરની બહાર તો વસ્તી નામે ઓલમોસ્ટ મસ મોટું મીંડું હતું ત્યાં આજે ગાંધીનગર બહારનો વિસ્તાર મૂળ શહેર કરતા પણ મોટો અને વસ્તીથી ફાટફાટ થઈ રહ્યો છે, અને હવે તો ન્યુ-ગાંધીનગર અથવા તો ગાંધીનગર પાર્ટ-૨ બનવાની વાતો સંભળાઈ છે....! પગારદારોના શહેર તરીકે ઓળખાતું ગાંધીનગર હવે ટીસીએસ અ